R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૯
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઇટ :http://jagadishchristian.com  email:garvinavkranti @ yahoo.com

YEAR-25 • ISSUE: 08 DATE: 20-02-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દેશભક્તિની પ્રથમ આવશ્યકતા રુપે તમામ કેન્દ્રીય યુનીવરસીટી પર તિરંગો લગાવવો ફરજીયાત :માનવસંસાધન મંત્રાલયનો આદેશ

જવાહરલાલ યુની.ના વિદ્યાર્થીઓ દ્વારા દેશવિરોધી સુત્રોચ્ચાર કરવાના વિવાદ બાદ કેન્દ્ર સરકારના માનવસંશાધન વિકાસ મંત્રાલયે આદેશ બહાર પાડ્યો છે કે દેશની તમામ કેન્દ્રીય યુનીવરસીટીઓમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવો ફરજીયાત છે.અને તિરંગો ફરકાવવાની શરુઆત સૌથી પહેલાં જેએનયુથી કરાશે.મંત્રાલયે આદેશમાં જણાવ્યું છે કે દેશની તમામ કેન્દ્રીય યુની.માં ૨૦૭ ફુટના થાંભલા પર તિંરગો ફરકાવવામાં આવશે.



જેએનયુમાં સુત્રોચારના મુદ્દે દેશદ્રોહના ગુના હેઠળ પકડાયેલ વિદ્યાર્થીનેતા કનૈયાને પતિયાલા હાઉસ કોર્ટે તેનો જયુડીશીયલ કસ્ટડીમાં તિહાર જેલમાં મોકલી આપ્યો હતો. જેલમાં મોકલ્યા બાદ તેણે જામીન માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.વકીલ રાજુ રામચંદ્રને કનૈયા તરફી સુપ્રીમમાં અરજી કરી હતી.અરજીમાં જણાવાયું હતું કે તેને જેલમાં રાખવાથી કશું સાબિત થવાનું નથી.તે નિર્દોષ છે.સુપ્રીમ કોર્ટે કનૈયાની પુરતી સુરક્ષા પુરી પાડવા માટે ટકોર કરી હતી.જેએનયુના સમર્થનમાં દેશબરમાં વિદ્યાર્થીઓ અને રાજકીય પક્ષો દ્વારા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.અનેક વિદ્યાર્થી સંગઠનો દ્વારા રેલીઓ કાઢવામાં આવી હતી.

આ મુદ્દો રાજકીય રીતે વધુ ગુંચવાયો છે.એક તરફ વિપક્ષોએ સરકાર પર પસ્તાળ પાડી છે.જયારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરીને પોલીસ વ્યવસ્થા સદતંર નિષ્ફળ ગઇ હોવાનું,તેમજ કાયદો અને વ્યવસ્થા ખાડે ગઇ હોવાનું જણાવ્યું હતું.જયારે કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિને આ મુદ્દે મધ્યસ્થી કરવા અપીલ કરી હતી.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જેએનયુના મુદ્દે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરીને પોતાનો અહેવાલ સોપ્યો હતો.આ અહેવાલમાં સમગ્ર મામલે કાયદો અને વ્યવસ્થા નિષ્ફળ ગઇ છે.તેમજ કેન્દ્ર સરકારે ખરેખર જે લોકો તોફાનો માટે જવાબદાર છે તેનો પકડ્યા જ નથી.તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે જે સરકાર સુત્રોચાર કરનાર ચાર-પાંચ વિદ્યાર્થીઓને નથી પકડી શકતી તો પઠાણકોટના હુમલાના આતંકીઓને કેવી રીતે પકડશે.જે લોકો ખરેખર સુત્રોચ્ચાર કરતા હતા તેમની ધરપકડ થવી જોઈએ. તેમણે વકીલો દ્વારા કરાયેલી મારપીટ અને તોડફોડનો વિરોધ કર્યો હતો.

જેએનયુના મુદ્દે પતિયાલા કોર્ટે વકીલો દ્વારા કોર્ટમાં જેએનયુના વિદ્યાર્થીઓ,શિક્ષકો અને પત્રકારોને માર માર્યો હતો આ મુદ્દે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ માફી માંગી છે. અને ઘટનાને વખોડી કાઢી છે.કાઉન્સીલે જણાવ્યું હતું કે આ ઘટના ખુબજ શરમજનક છે તેને કારણે દેશભરના વકીલોની છબી ખરડાઈ છે. આ મુદ્દે તપાસ કરવા માટે હાઈકોર્ટના નિવૃત જજની આગેવાની હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી છે. જે ત્રણ અઠવાડીયામાં અહેવાલ આપી દેશે.અને તેમાં જે કોઈ વકીલ દોષિત જણાશે તેમની સામે કડક પગલાં લેવાશે અને તેમના લાઈસન્સ રદ કરાશે. જો કે કાળા ડગલાઓએ કોર્ટમાં આતંક મચાવીને સાબિત કરી દીધું છે કે તેઓ શું કરી શકે છે.

## બિહારમા દારુબંધીના મામલે સરકારે પીવાની મર્યાદા ઠરાવી

બિહાર સરકાર દ્વારા દારુબંધી લાદવા અંગે ચાલી રહેલ સરકારની કસરતના ભાગ રુપે કેટલાક નિર્ણયો બહાર આવ્યા હતા.દારુબંધી અંગેની એક બેઠકમાં મુખ્યમંત્રી નીતિશકુમારે મદ્યનિષેધ તેમજ ઉત્પાદન વિભાગના મંત્રી સિવાય સબંધિત પદાધિકારીઓને સંબોધન કર્યું હતું. જયારે આ બેઠકમાં ઉત્પાદનમંત્રી અબ્દુલ ઝલીલ મસ્તાને જણાવ્યું હતું કે સરકારે એક દિવસમાં એક વ્યક્તિને ફક્ત એકજ બોટલ દારુ આપવાનો નિર્ણય લીધો છે.આ નિયમ મુજબ સરકાર ૨૪ કલાકની અંદર એક વ્યક્તિને ફકત એક જ દારુની બોટલ આપશે. આ નિયમ શહેરી વિસ્તારની સરકારી દુકાનો પર લાગુ પડશે.

બિહાર સરકાર અને સબંધિત વિભાગ દારુની તસ્કરી પર ચાંપતી નજર રાખશે. પોતાના વાયદા મુજબ બિહાર સરકાર ૧ એપ્રીલ,૨૦૧૬થી ગ્રામ્ય વિસ્તારોમાં સંપુર્ણ દારુબંધી લાગુ કરવા જઈ રહી છે. આ માટે નિયમાવલી તૈયાર કરવામાં આવી રહી છે.સરકાર શહેરોમાં દારુ સપ્લાય અને નવી દુકાન ખોલવા સબંધિત પ્લાન ખુબ જલ્દીથી તૈયાર કરશે. જો કે સરકારનો આ નિર્ણય ખરેખર અવઢવ પેદા કરે તેવો છે. કારણકે એક બોટલમાં ઘણા પ્રમાણમાં દારુ હોય છે.અને એક વ્યક્તિને રોજ એક બોટલ દારુ આપવો એ દારુ પર લગામ કસવાને બદલે તેને છુટથી પીવા લોકોને પ્રેરિત કરવા સમાન લાગી રહ્યું છે.

દારુબંધીની નીતિ દાખલ કરવા માટે સરકારો લગભગ તૈયાર હોતી નથી જયાં દારુબંધી નથી. કારણકે આબકારી જકાતને કારણે રાજયને તગડી આવક મળતી હોય છે.

## સુપ્રીમ કોર્ટે ૫૦૦ કરોડથી વધુ લોન લઇ પરત ન કરનારાઓની યાદી માંગી

સુપ્રીમ કોર્ટે ૫૦૦ કરોડથી વધુની બેંક લોનમાં ડિફોલ્ટ હોય તેવી કંપનીઓની યાદી રીર્ઝવ બેન્ક પાસે માંગી છે.કોર્ટે આવા ડિફોલ્ટર્સ સામે લાલ આંખ કરવાની ચીમકી પણ આપી છે.આની સાથે સાથે કોર્ટે કોર્પોરેટ દેવા પુનરચના યોજના હેઠળ જેમની લોનો ફરી મંજુર થઈ હોય તેવી કંપનીઓના નામો મંગાવ્યા છે.સુપ્રીમ જાણવા માંગે છે કે રાષ્ટ્રીયકૃત બેકો અને નાણાં સંસ્થાઓ કેવી રીતે યોગ્ય માર્ગ રેખાઓ અથવા લોનની રીકવરી માટે યોગ્ય માળખા વગર આટલી મોટી લોન કેવી રીતે આપી દે છે. અને તેના કારણે સરકારની તિજોરી પર જંગી બોજ નંખાઈ જાય છે.રિર્ઝવ બેન્કને આ મામલે એક એફિડેવીટ ફાઈલ કરવાનું કહેતાં ચીફ જસ્ટીસ જી.એસ.ઠાકુરની બનેલી બેન્ચે આદેશ આપ્યો હતો કે લોનના ડિફોલ્ટરર્સની યાદી તેને એક સીલબંધ કવરમાં આપવની રહેશે.

ડુબતી લોનની વધતી જતી રકમને કારણે દેશની ધિરાણ આપતી સૌથી મોટી રાષ્ટ્રીયકૃત બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની નાણાંકીય કામગીરીને અસર થઈ છે.અને તેના ચોખ્ખા નફામાં તીવ્ર ઘટાડો થયો છે.એક અન્ય મોટી ધિરાણ આપતી બોંક બોંક ઓફ ઈન્ડીયાને ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રણ મહિનામાં જંગી ખોટ ગઈ છે.

સ્ટેટ બેંકના ચોખ્ખા નફામાં ૬૭ ટકાનો ઘટાડો થયો છે.જો કે બેંકે કબુલ્યુ છે કે તેની રુ.૨૦૬૯૨ કરોડની લોન દેવુ થઈ છે.સ્ટેટ બેંકે ચેતવણી આપી છે કે માર્ચમાં પુરા થનારા ચાલુ નાણાંકીય વર્ષના અંતે તેની સ્થિતિ વધુ ખરાબ થવાની છે.કેમકે વર્ષના અંતે તેના હિસાબો ચોખ્ખા કરી દેવાના રિર્ઝવ બેંકના આદેશનું પાલન કરવાનું રહેશે.એમ કરાતં જતાં તેનો નફો ધોવાઈ જશે કેમકે બેંકે મુશ્કેલીમાં હોય તેવા માત્ર અડધા જેટલા જ ખાતાઓની માહીતી આપી છે.આ ઉપરાંત પંજાબ નેશનલ બેંક અને યુનિયન બેંક ઓફ ઈન્ડીયા જેવી અન્ય મોટી રાષ્ટ્રીયકૃત બેંકોના ચોખ્ખા નફામાં નોધપાત્ર ઘટાડો થશે.

મોટી રાષ્ટ્રીયકૃત બેકોમાંથી લોન લેનારા મોટા ઉદ્યોગપતિઓએ લીધેલા નાણાં લાખો અને કરોડોમાં છે અનો તોઓએ અનો તોમની કંપનીઓએ નાણાં પરત કરવામાં લાપરવાહી દાખવી છે.તેથી કોર્ટે સખ્તાઈ કરે તો ફાયદો થશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવક્રાંતિ

દેશમાં છેલ્લા કેટલાક સમયથી જે રીત રસમો સત્તાના સુત્રો સાથે સંકળાયેલા લોકો અને તેમના સહયોગી દ્વારા એક પ્રકારની ચળવળ ચલાવાઈ રહી છે.અને તે છે કોઈ પણ કારણોસર સરકાર અને તેમની નીતિઓનો વિરોધ કરનારાઓને દેશદ્રોહી સાબિત કરવાનો પ્રયત્ન.સાહિત્યકારો,લેખકો, વૈજ્ઞાનિકો,કલાકારો,અભિનેતાઓ વિગેરેએ અસહિષ્ણુતાના મુદ્દે વિરોધ પ્રદર્શિત કરતાં અને પોતાને મળેલા માન સન્માન પરત કરતાંની સાથે તેમની પર આ કટ્ટરવાદી સંસ્થાઓના કાર્યકરો દ્વારા દેશદ્રોહી હોવાની એક ચળવળ શરુ કરવામાં આવી.પ્રચાર માધ્યમોનો સાથ સહકાર મળ્યો.ચુંટણીઓ વખતે મોટા ભાગના પ્રસાર માધ્યમોને નાણાંકીય રીતે તરફેણમાં લાવી દેવાયા હતા.તેથી ઝાઝી મહેનતની જરુર નહોતી.ત્યારબાદ એક એવુ પ્રચાર યુધ્ધ શરુ કરવામાં આવ્યું કે આ બધા પોતાની ભુલ કબુલીને પોતાના સન્માનો પરત લઈ રહ્યા છે. પરંતુ આ તો માત્ર લોકોને ગેરરસ્તે દોરવાની એક ચાલ હતી.તેમાં ઝાઝી સફળતા મળી અને લોકોના દિમાગમાં ખોટા વિચારો પેદા કરવામાં તેઓ ફાવી ગયા.

શું આ દેશમાં સત્તાધારી પક્ષ સાથે જોડાયેલ તેમની સંસ્થાઓના કાર્યકરોને પોતે ન્યાય કરવાનો, લોકોને શિક્ષા કરવાનો પરવાનો મળી ગયો છે.ક્યા પ્રકારની લોકશાહી છે આ.ધર્મના નામે પ્રહારો કરવા હિંસા કરવી,સરકારી નીતિઓ સામે પોતાનો અવાજ ઉઠાવવો તેનો વિરોધ કરવો આ બધા સામે ભાજપના સંગઠનોને જવાબદારી સરકારે આપી છે કે તમે તમારી મનમાની કરો.જરુર પડે અમે માફી માંગીને વાત વાળી લઈશું.પરંતુ નુકશાન તો જે થવાનું છે તે તો થઈ ગયું છે આ બધાને રોકશે કોણ ?

## રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ દેશના તમામ રાજ્યપાલોને બંધારણની ગરિમા જાળવવા માટે સુચન કર્યું

અરુણાચલ પ્રદેશમાં સર્જાયેલી રાજકીય કટોકટીને પગલે રાજ્યપાલોની ભુમિકા અંગે થયેલા વિવાદ વચ્ચે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ કહ્યું હતું કે બંધારણીય પદ પર રહેલા લોકોએ બંધારણની પવિત્રતા જાળવવી જોઈએ.

રાષ્ટ્રપતિ ભવન ખાતે રાજ્યપાલોની બે દિવસની કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરતાં તેમણે જણાવ્યું હતું કે આપણા બંધારણાં દર્શાવાયેલા સિધ્ધાંન્તોને આપણે વળગી રહેવું જોઈએ. આ સિધ્ધાંન્તો આપણી આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. જેના આધારે આપણે આપણા લક્ષ્યાંક પ્રાપ્ત કરવાના છે.બંધારણીય પદ પર રહેલા આપણા જેવા તમામ લોકોએ આ બંધારણના પવિત્ર શબ્દોની પવિત્રતા જાળવવી જોઈએ.

રાષ્ટ્રપતિની આ ટીપણણી અરુણાચલ પ્રદેશના ઘટનાક્રમને પગલે મહત્વની છે. અરુણાચલના રાજ્યપાલ જે.પી.રાજખોવાએ લીધેલા વિવિધ પગલાંને કારણે અંતે ત્યાં રાષ્ટ્રપતિ શાશન મુકાયું છે.અને તેનો મામલો સુપ્રીમ કોર્ટમાં છે.અને આ બાબતમાં સુપ્રીમ કોર્ટે કડક આલોચના પણ કરી હતી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## હિઝબુલના સલાહુદ્દીને પઠાણકોટના હુમલાની જવાબદારી સ્વીકારી

હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલાહુદ્દીનો પઠાણકોટ હુમલાની જવાબદારી સ્વીકારતાં જણાવ્યું હતું કે ભારતીય લશ્કરને નિશાન બનાવવાની પ્રક્રિયાનો આ એક ભાગ છે. પાકિસ્તાનના ઉર્દુ ન્યુઝ પોર્ટલને આપેલા એક ઈન્ટરવ્યુમાં સૈયદ સલાહુદ્દીને પાકિસ્તાનના વડા પ્રધાન નવાઝ શરીફથી કાશ્મીર નીતિની પણ ટીકા કરી હતી.

સૈયદ સલાહુદ્દીને જણાવ્યું હતું કે કાશ્મીર મામલામાં પાકિસ્તાન પ્રાથમિક પક્ષકાર અને વકીલ છે. ભારત સાથે પોતાના સબંધો સુધારતા પહેલાં પાકિસ્તાન કાશ્મીરી લોકોની લાગણી અને આકાંક્ષાઓ પ્રત્યે જવાબદાર છે.તમે એક હત્યારા અને મૃતક બંનેના મિત્ર બની શકો નહીં.સૈયદ સલાહુદ્દીન યુનાઈટેડ જેહાદ કાઉન્સીલનો વડો પણ છે.

યુનાઈટેડ જેહાદ કાઉન્સીલના પ્રવક્તાએ પઠાણકોટના હુમલાની જવાબદારી લીધી હતી. સૈયદ સલાહુદ્દીને જણાવ્યું હતું કે ભારત-પાકિસ્તાન વાતચીત રોકવાની સાજીસ હોવાની ધારણા ખોટી છે.સશસ્ત્ર મુજાહિદોનો ૨૬ વર્ષથી આઠ લાખ ભારતીય સુરક્ષા દળો સામે લડી રહ્યા છે.તેઓ રોજ ભારતીય સેના પર હુમલો કરે છે.પઠાણકોટ હુમલો પણ આ પ્રક્રિયાના ભાગરુપે હતો.૧૫૦થી વધુ વખત વાતચીત થઈ ચુકી છે.પરંતુ કાશ્મીર મુદ્દે એક વાર પણ ચર્ચા થઈ નથી.

ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયને દગો આપવા માટે આ પ્રક્રિયા અપનાવે છે કે જેથી કાશ્મીરમાં પોતાન લશ્કરી તાકાત મજબુત કરવામાં મદદ મળે.ભારત ન તો કાશ્મીર મુદ્દે ચર્ચા કરવા માંગે છે કે ન તો આઝાદ કાશ્મીરને પક્ષકાર માનવા તૈયાર છે. આમ વાતચીતની પ્રક્રિયા એ સમયની બરબાદી છે.

કાશ્મીરને ભારતમાં લઈ લેવા માટે લડી રહેલા પાકિસ્તાન સ્થિત આતંકી જુથોના વડા સૈયદ સલાહુદ્દીને ભારતના આક્ષેપો પર પાક.સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની પણ કડક ટીકા કરી હતી.

જો કે ભારત અને પાકિસ્તાને અત્યાર સુધીમાં પઠાણકોટના મામલે કરેલી કસરતો આ જવાબદારી સ્વીકારના સંગઠનને લીધે નકામી થઈ જાય છે.આઝાદ કાશ્મીરના સંગઠને લીધેલ જવાબદારીનો કારણે પાકિસ્તાન હવે પોતાને આંતરરાષ્ટીય સમુદાય આગળ નિદોષતા સાબિત કરવા આ ગાણું ગાયા કરશે.

## બ્રિટનમાં અસાંજેની અટકાયતને ગેરકાયદેસર ગણાવતું યુ.એન

વિકિલિક્સના સ્થાપક જુલિયન અસાંજે અત્રે ઈક્વાડોરના દુતાવાસમાંથી બહાર નિકળશે તો તેમની ધરપકડ અને દેશનિકાલનો સામનો કરવો પડશે. અમુક અહેવાલોમાં દાવો કરાયો હતો કે સંયુક્ત રાષ્ટ્રની પેનલે બ્રિટનમાં તેમની અટકાયતને ગેરકાયદેસર ગણાવી હતી.

સંયુક્ત રાષ્ટ્રના કાર્યકારી જુથ દ્વારા આ મામલે ચુકાદો આવશે.પરંતુ બ્રિટીશ મીડીયાના અહેવાલોમાં જણાવાયું હતું કે ચુકાદો અસાંજેની તરફેણમાં જશે. બ્રિટન જાતીય સતાવણીના એક કેસમાં અસાંજેની ધરપકડ કરીને તેમને સ્વીડન સોપવા માંગે છે. અસાંજેને ૨૦૧૨માં લંડનમાં આવેલા ઈક્વાડોરના દુતાવાસમાં આશ્રય અપાયો હતો. અને હાલમાં પણ ત્યાં છે.

વિદેશ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અસાંજેને બ્રિટન દ્વારા મનસ્વી રીતે અટકમાં રાખવામાં આવ્યા નથી.હકીકતે તો કાયદેસરની ધરપકડ ટાળવા માટે તેમણે ઈક્વાડોરના દુતાવાસમાં રહેવાનું પસંદ કર્યુ છે. તેમના પર બળાત્કારનો આરોપ હજુ પણ ઊભો છે અને યુરોપ દ્વારા ધરપકડ વોરંટ પણ અમલમાં છે તેથી અસાંજને સ્વીડન દેશનિકાલ કરવાની બ્રિટનની હજુ પણ કાનુની જવાબદારી છે.

દરમ્યાન અત્યંત ગુપ્ત માહિતીને જાહેર કરીને સનસનાટી મચાવનારી સંસ્થા વિકિલિક્સના સ્થાપક જુલિયન અસાંજેએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રની પેનલ એવો ચુકાદો સંભળાવે કે તેમને મનસ્વી રીતે અટકમાં નથી લેવામાં આવ્યા તો તેઓ આવતી કાલે બ્રિટન પોલીસને શરણે જશે.અસાંજેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર જાહેરાત કરે કે હું બ્રિટન અને સ્વિડન સામેનો કેસ હારી ગયો છું તો હું બ્રિટિશ પોલીસ દ્વારા ધરપકડ વ્હોરીને દુતાવાસની બહાર જઈશ કારણકે આગળ અપીલનો કોઈ સાર્થક શક્યતા નથી.જો તેઓ જીતી જશે અને બંને પક્ષોને ગેરકાયદેસર રીતે પગલું લેવાના દોષીત જાહેર કરવામાં આવશે તો હું આશા રાખું છું કે મારો પાસપોર્ટ મને તત્કાળ પાછો મળશ. અને મારી ધરપકડ કરવાના આગામી પ્રયાસો રોકવામાં આવશે.અસાંજે છેલ્લા ત્રણ વર્ષથી ઈક્વાડોરના દુતાવાસમાં આશ્રય હેઠળ છે.તેમને એવો ડર છે કે તેમને અમેરિકાને સોપી દેવામાં આવે તેવી શક્યતા છે જેથી ઘણા ગુપ્ર લશ્કરી એ રાજકીય દસ્તાવેજો લીક કરવાના સબંધમાં તેમની સામે કેસ ચાલી શકે.

અસાંજેએ સપ્ટે.૧૪માં સ્વીડન અને બ્રિટન સામે યુએન ગ્રુપ ઓન આર્બિટરી ડિટેન્શન સમક્ષ ફરિયાદ નોધાવીને દાવો કર્યો હતો કે તેમનું દુતાવાસમાં રહેવું એ તેમનો ગેરકાયદેસર રીતે અટકમાં રાખવા બરાબર છે.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઈટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઈ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386





વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

# આદિજાતિ સમુદાયના સમાંતર વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ

## આદિવાસી ક્ષેત્રનો સર્વાંગી વિકાસ

★ વનબંધુ કલ્યાણ યોજના : વર્ષ ૨૦૧૫-૧૬માં આદિજાતિ પરિવારોને સ્વરોજગાર દ્વારા સ્વાવલંબી બનાવવા, આદિવાસી યુવાઓને ઉચ્ચ કૌશલ્યની તાલીમ આપવા, કૃષિ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર,ખેતીવાડી પાર્ક અને કોલ્ડ સ્ટોરેજ સ્થાપવા,વાડી યોજના પર ખાસ ધ્યાન તથા સરહદી વિસ્તારના આદીવાસી કુટુંબોને દુધાળા પશુ આપવાની વિશેષ જોગવાઇ

★વનવાસી ક્ષેત્ર કૃષિ અને દુધ ઉત્પાદનમાં અગ્રેસર : આદિજાતિ પરિવારોની આવક બમણી કરવા વનબંધુ કલ્યાણ યોજનાનો અસરકારક અમલ : આદિજાતિ યુવાઓને ઉચ્ચ રોજગારલક્ષી તાલીમ, આદિજાતિ ખેડુતોને આધુનિક કૃષિના લાભ, આદિજાતિ મહિલાઓને દુધાળા પશુ અને સંલગ્ન લાભ

★ખેતીવાડી માટે આધુનિક બિયારણ,શાકભાજી વાવેતર, સુધારેલા ઓજારો,ખેતી માટે ટ્રેકટર અને આધુનિક સાધનોના લાભ, ડ્રીપ ઇરીગેશન દ્વારા ફુલો અને શાકભાજી તથા બાગયત ખેતી જેવા વિવિધ લાભોથી ૫૭૦૦૦૦આદિજાતિ લાભાર્થીઓને આવરી લેવાયા

★દુધ સંજીવની યોજના: આદિવાસી વસ્તીવાળા ૨૮ તાલુકાઓમાં સાત લાખ બાળકોને દરરોજ દુધ સંજીવની યોજનાનો લાભ

★આદિવાસી યુવાઓને ધર્નુવિદ્યા કૌશલ્યથી સજ્જ કરવા છોટાઉદેપુર ખાતે રાષ્ટ્રીયસ્તરનું ધર્નુવિદ્યા પ્રશિક્ષણ કેન્દ્ર ઊભુ કરવા રૂા.૫ કરોડની જોગવાઇ

★સંકલિત ડેરી વિકાસ સહાય કાર્યક્રમ : વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી ૮૦૬૬૯ લાભાર્થીઓને દુધાળા પશુઓનો લાભ અપાયો : ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં ૨૨૮૭૬ આદિજાતિ મહિલાઓને રુ ૧૧કરોડના ખર્ચે દુધ ઉત્પાદન દ્વારા સીધી આવકવૃધ્ધિ

★હાટ બજાર : આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત હાટબજાર : પ્રથાના જતન માટે રૂા. ૨૦ કરોડની જોગવાઇ સાથે ૧૪ સ્થળોએ પુર્ણ સુવિધાઓવાળા હાટ ઉભા કરવાનું આયોજન

★ઉચ્ચ અભ્યાર માટે ખુલ્યા દ્વાર : મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ગુજકેટની પરીક્ષામાં આદિજાતિ વિદ્યાર્થીઓ ઉંચુ પરિણામ હાંસલ કરી શકે તે હેતુસર આદિજાતિ જિલ્લાઓમાં ગુજકેટની વિનામુલ્યે તાલીમ : વર્ષ ૨૦૧૩-૧૪માં આદિજાતિના ૪૨૩ વિદ્યાર્થીઓ એ વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૫૮ વિદ્યાર્થીઓ સફળ

★આદિજાતિ વિસ્તારોમાં જંગલ જમીન ખેડતા અને તેના ઉપર નિર્વાહ કરતાં ૭૫૩૭૫ આદિજાતિ પરિવારોને જંગલની જમીન ખેડવાના અધિકારો : આદિજાતિ સમુદાયોને શાળા,આંગણવાડી,રસ્તા,પાણી પુરવઠો જેવી સુવિધાઓ માટે ૪૫૬૯ સામુદાયિક દાવાઓ મંજુર

★ગુજરાત સરકારની ઐતિહાસિક પહેલ : ૭૫થી વધુ ખાતેદારો હોય તેવા ૧૯૬ વનવસાહતી ગામોને મહેસુલી દરજ્જો

## “ વનબંધુ કલ્યાણ યોજનાએ આદિજાતિઓની પરંપરા અકબંધ રાખીને વિકાસનો ગતિશીલ માર્ગ કંડાર્યો છે.”

**શ્રીમતી આનંદીબેન પટેલ,**
**મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય**

# મિલ્કતો ખરીદનારાઓની તરફેણ માટે દિલ્હી કોર્ટે અગત્યનો ચુકાદો આપ્યો

દિલ્હીની એક કોર્ટ દ્વારા અપાયેલ આદેશમાં જણાવાયું હતું કે બિલ્ડરો મિલ્કતો ખરીદનારાઓ સાથે કરારના ભાગ ન હોય તેવા છુપાયેલા ચાર્જીસ માંગી ન શકે અને તેઓ મિલ્કત આપવામાં વિલંબ કરે તો વળતર ચુકવવાને પાત્ર છે તેમ જણાવ્યું હતું.

કોર્ટે કહ્યું હતું કે બિલ્ડરો 'પવિત્ર ગાય' નથી કે જેમને તેમના ગ્રાહકો સવાલ ન કરી શકે. બિલ્ડરો વાજબી કારણ આપ્યા વગર કોઈ વધારાના ચાર્જીસ ન લઈ શકે તેમ ઠરાવતાં કોર્ટે કહ્યું હતું કે આવી રીતે ભાવ વધારીને કે વધારાની ચાર્જીસ લઈને બિલ્ડરો ખરીદકર્તાઓ પાસેથી વધુ નાણાં ઉઘરાવી લે છે જે ગેરકાયદેસર છે.

ટીડીઆઈ ઈન્ફ્રાસ્ટ્રકચર લી.ને તેની સોનેપતમાં આવેલા પ્રોજેકટમાં બે ભાઈઓએ બુક કરેલા પ્લોટનો કબજો તેમને સોપી દેવા અને ઓવરડ્યુ અને અન્ય ચાર્જીસની તેની માંગણી પાછી ખેચી લેવા આદેશ આપતાં એડીશનલ ડીસ્ટ્રીક જજ કામિની લાઉએ આ તારણો કાઢયા હતા.કોર્ટે દિલ્હીના રહેવાસીઓ રાજેસ અને મનોજ મિત્તલે ફાઈલ કરેલા સિવીલ દાવાના સંદર્ભમાં આ આદેશ જારી કર્યો હતો.બંને ભાઈઓએ જાન્યુઆરી ૨૦૦૬માં પ્લોટ બુક કરાવ્યો હતો. બિલ્ડરે તેમને રુ.૪૨.૭ લાખ વધુ ચુકવવા કહ્યુ હતું.

# પાકિસ્તાનમાં હિંદુ લગ્ન ધારો અનેક દાયકાઓના વિલંબ બાદ મંજુર થયો

પાકિસ્તાનમાં હિંદુ ધર્મીઓ લઘુમતીમાં છે.અનેક દાયકાઓથી ત્યાં લગ્ન ધારો બનાવવાની ક્વાયત ચાલતી આવતી હતી અને યેનકેન પ્રકારે તેમાં વિઘ્નો આવતાં તેને મંજુરી મળતી નહોતી. આખરે આ ધારાને મંજુરી મળી છે.

સંસદીય સમિતિએ આ બિલ સર્વસંમતિથી મંજુર કર્યું છે.સમિતીના ચેરમેન ચૌધરી મહેમુદ બશીર વિર્કે બિલમાં વિલંબ અંગે ખેદ વ્યક્ત કરતાં કહ્યુ હતું કે કાયદો અને ન્યાય અંગેની રાષ્ટ્રીય એસેમ્બલીની સ્થાયી સમિતિએ આ બિલના અંતિમ મુસદ્દાને મંજુરી આપી દીધી છે.બેઠકમાં પાંચ હિંદુ સાંસદોને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું.સમિતિએ વિલંબની તમામ યુક્તિઓ છેલ્લે સુધી અજમાવ્યા પછી અંતે બિલનો મુસદ્દો સ્વીકાર્યો હતો.તેમાં બે ફેરફાર કરવામાં આવ્યા છે.લગ્ન માટે પુરુષ અને મહિલા બંન્નેની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષ કરવામાં આવી છે.અને સમગ્ર પાકિસ્તાનમાં આ કાયદો લાગુ કરાશે.હવે આ બિલ એસેમ્બલી(પાકિસ્તાની સંસદમાં) રજુ કરવામાં આવશે.જ્યાં બિલ પસાર થવાની શક્યતાઓ છે.કારણકે નવાઝ શરીફનો શાશક પક્ષ પીએમએમ-એન તેને ટેકો આપી રહ્યો છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# સુપ્રીમ કોર્ટ સામે મદ્રાસ હાઇકોર્ટના જજનો જંગ - દલિત હોવાને કારણે થતા અન્યાય સામે જજનો સ્ટે

મદ્રાસ હાઈકોર્ટના ન્યાયાધીસ સી.એમ.કરણને દલિત હોવાને કારણે થતાં અન્યાય સામે તેમણે સુપ્રીમ કોર્ટ સામે જંગ માંડ્યો છે.પરિણામે દેશના ન્યાયતંત્રમાં ખળભળાટ વ્યાપી ગયો છે.સુપ્રીમ કોર્ટના દ્વારા અપાયેલ બદલીના આદેશને અણધાર્યો પ્રત્યાઘાત આપતાં જસ્ટીસ કરણે કલકત્તા હાઈકોર્ટ ખાતે તેમની બદલી કરતાં સુપ્રીમ કોર્ટના આદેશ પર મનાઈહુકમ ફરમાવી દીધો છે.

જસ્ટીશ કરણે મદ્રાસ હાઈકોર્ટના કેટલાક ન્યાયાધીશો સામે ગંભીર આરોપો મુક્યા હતા. તેમણે જણાવ્યુ હતું કે હું જાતિવાદી વ્યવસ્થાનો ભોગ બન્યો છું. જો મારો જન્મ અધિકાર રદ કરી દેવામાં આવે તો હું આ પ્રકારનો ભેદભાવ ન થતો હોય તેવા દેશમાં સ્થળાંતર કરી દઈશે.સંસદમાં તેમનું સમર્થન કરી શકે માટે તેમણે તેમની અરજી રામવિલાસ પાસવાન,માયાવતી અને સોનિયા ગાંધીને મોકલી આપી છે જેથી તેઓ સંસદમાં તેમનું સમર્થન કરી શકે.

જો કે સુપ્રીમે એવો આદેશ આપ્યો હતો કે જસ્ટીસ કરણને કોઈ ન્યાયિક કામગીરી સોપવામાં ન આવે.પરંતુ તેઓએ કહ્યુ હતું કે હજુ મારી પાસે ન્યાયિક સત્તાઓ છે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# ઇસ્કોન મંદિરોમાં ધર્માતરણ કરીને પૈસા કમાવવાનો અડ્ડો બન્યા છે : શંકરાચાર્ય

સાંઈબાબા અને શનિ પુજા પર નારાજગી વ્યક્ત કર્યા બાદ શંકરાચાર્ય સ્વામી સ્વરુપાનંદ સરસ્વતીએ હવે ઈસ્કોન મંદિરો પર નિશાન સાધ્યું છે.શંકરાચાર્યે ઈસ્કોન મંદિરોને પૈસા કમાવવાનો અડ્ડો કહ્યા છે.સાથે જ કૃષ્ણ ભક્તિની આડમાં ધર્માંતરણ કરાવવાનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે.શંકરાચાર્યે અલ્હાબાદ ખાતે યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્ર સરકારને ઈસ્કોન મંદિરોની તપાસ કરાવવાની માંગ કરી હતી.સનાતન ધર્મના લોકો ઈસ્કોન મંદિરોની બદલે ભારતીયો દ્વારા સ્થાપિત કૃષ્ણ મંદિરમાં જ પુજા અર્ચના કરવાની સલાહ આપી હતી.

શંકરાચાર્યે માઘ મેળામાં પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું કે પ્રભુપાદજીએ ઈસ્કોન મંદિરોની સ્થાપના જે હેતુથી કરી હતી,તેનાથી વિપરિત કામ થઈ રહ્યા છે.તેમણે કેન્દ્ર સરકારને તમામ ઈસ્કોન મંદિરોની પ્રવૃત્તિઓની તપાસ કરવાની માંગ કરી હતી.ઈસ્કોન મંદિરોની બદલે પરંપરાગત ભારતીય મંદિરોની પુજા કરવાની પણ અપીલ કરી હતી.

# ચુંટણીમાં અપાયેલ વચનો બાદ પણ દેશભરમાં સરકારી આવાસ યોજનાના સસ્તા ભાવના બંધાયેલા મકાનો ખાલી છે

ભાજપની સરકારે ૨૦૨૨ સુધીમાં 'તમામ માટે ઘર' ચુંટણી વચનને પરિપુર્ણ કરવામાં હજુ જોઈએ તેવી ગતિ બનાવી નથી.લોકસભાની ચુંટણી વખતે વડાપ્રધાન મોદી દ્વારા અપાયેલ વચનો પૈકીનું આ એક વચન હતું.હાલમાં દેશભરામાં સરકારી આવાસ યોજના સસ્તા ભાવના ૨.૪૫ લાખ મકાનો બંધાયેલા છે. અને તે ખાલી પડ્યા છે.ઓછી કિંમતના ખાલી મકાનો ધરાવતા રાજ્યોમાં પાંચ રાજ્યો ટોચ પર છે. જેમાં ગુજરાત,મહારાષ્ટ્ર,દિલ્હી,મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે.કુલ ખાલી મકાનોમાં આ રાજ્યોનો હિસ્સો લગભગ ૭૦ ટકા જેટલો છે.

ઓછી કિંમતના રહેઠાણનું બાંધકામ વિવિધ શહેરી હાઉસીંગ સ્કીમ હેઠળ કરાય છે. જેમાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુયલ મિશન અને રાજીવ આવાસ યોજના સામેલ છે.આવાસ અને શહેરી ગરીબી નાબુદી મંત્રાલયના તાજેતરના આંકડાઓ અનુસાર બે મહત્વની સ્કીમ હેઠળ ૧૪ લાખ લો-કોસ્ટ રહેઠાણની મંજુરી આપવામાં આવી હતી.પરંતુ રાજ્ય સરકારો માત્ર ૮ લાખ મકાનો બનાવી શકી છે. જેમાં ૨.૪૫ લાખ મકાનોને કોઈ ખરીદનાર નથી.મંત્રાલયે આવાસ યોજનાના છત્ર હેઠળ તમામ હાઉસીંગ સ્કીમને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એકઠી કરી છે.નવી સ્કીમ હેઠળ સરકાર ઓછા ભાવના બે કરોડ મકાન બાંધવાનો લક્ષાંક ધરાવે છે.

સૌથી વધુ લો કોસ્ટ રહેઠાણ મહારાષ્ટ્રમાં (૫૨,૯૬૬)ખાલી છે.ત્યાર પછી ગુજરાત (૨૯૧૨૬),દિલ્હી(૨૬૭૫૯), મધ્યપ્રદેશ( ૨૬,૦૦૪),અને આંધ્રપ્રદેશ (૨૩,૬૮૮) છે.જો કે સસ્તા ભાવના કહેવાતા મકાનો ની કિંમત ઉંચી હોવાને કારણે તેના ખરીદનાર મળતા નથી.બજારમાં તેનાથી પણ સસ્તા મકાનો મળી રહેતા હોય છે.

ફ્રાંસનો એલન રોબર્ટ નામનો આરોહક ઉંચા ઉંચા મકાનો પર કરોળીયાની જેમ ચડી જવામાં ઉસ્તાદ છે.

હદ્દયરોગનો પ્રથમ હુમલો આવી ગયા પછી માત્ર અડતાલીસ કલાકમાં એસ્પરીન લેવામાં આવે તો હદયરોગનો બીજો હુમલો અટકાવી શકાય છે.


## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.